| | |
|---|---|
| GJMH020390152026 | Presented on : 21-07-2026<br>Registered on : 21-07-2026<br>Decided on : 19-08-2026<br>Duration : 0 years, 0 months, 29 days |

सत्यमेव जयते

**IN THE COURT OF**
**CHIEF JUDICIAL MAGISTRATE**
**AT MAHESANA,MAHESANA**
**(Presided Over by S.B.SHAH)**

**CRMA J/1020/2026**

**Exhibit No.4**

અરજદાર….. **Axis Bank Ltd**

**Through its Authorised Officer:**

**Mr. Navinkumar Sharma**

**Reg. Office-** Trishul, 3rd Floor, Opp. Samartheswar Temple, Nr. Law Garden, Ellisbridge, Ahmedabad.

**Branch Office-** 1st Floor, Baleshwar Avenue, S.G.Highway, Opp. Rajpath Club, Bodakdev, Ahmedabad.

**વિ રૂ દ્ધ**

સામાવાળા…**1. Patel Rajeshkumar Kantilal (Borrower)**

**2. Patel Maniben Kantilal (Co-Borrower)**

**Both Resides at-**. 3,Sagar Society, B/h. Rajkaml Petrol Pump, Mehsana, Gujarat.

**બાબતઃ–** સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ–૨૦૦૨ ની કલમ–૧૪ મુજબ..

**અરજદાર તરફેઃ–** વિદ્વાન વકીલ વિ.વ. શ્રી N.A.Parmar

// **જજમેન્ટ** //

૧).. અરજદાર બેન્કે સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ–૨૦૦૨ ની કલમ–૧૪ અન્વયે હાલની આ અરજી કરી મિલકત All that piece and parcel of property bearing district Sub district Mehsana Moje Gam Nagalpur New Revenue Survey/ Block No 29 ( O.S. no 12/2 Paiki) As Per Bala Heights Scheme Block No A Flat No A/601 Sixth Floor Super Built up Area 103.49 Sq.Mters વાળી મિલકત જેના ખુંટ વર્ણન અરજીના પેરા.૦૫ માં જણાવ્યા મુજબ છે જેનો કબજો મેળવવા આ અદાલતના કર્મચારીને હાજર રાખી કબજો અપાવવા મદદની માગણી કરેલ છે.

૨).. નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષની સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૧૨૨૪૪/૨૦૨૨ "કોટક મહીન્દ્રા બેંક લી. વિ. ગુજરાત રાજ્ય"નો ચુકાદો તથા નામદાર બોમ્બે હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન નં.૮૪૧૮/૨૦૨૨ "મનીષા મહેતા અને બીજાઓ વિ. આઈ. સી. આઈ. સી. આઈ. બેંક અને બીજાઓ"ના ચુકાદો તથા ૨૦૦૭ ક્રિ.લો.જ. ૨૫૪૪ ઉપર પ્રસિધ્ધ થયેલ "મેસર્સ ટ્રેડ વેલ અને બીજાઓ વિ. ઈન્ડીયન બેંક અને બીજાઓ"નો ચુકાદો જોતાં સામાવાળાને આ અરજી લગત સાંભળવા જરૂરી નથી અને તેમને નોટીસ બજાવવી જરૂરી નથી.

૩).. અરજદારની અરજીના સમર્થનમાં અરજદારના અધીકૃત અધીકારીનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. તેમજ નીશાની ૩/૧ થી અધીકારપત્રની નકલ રજુ કરેલ છે. તે જોતાં ફાયનાન્સ કંપની/બેન્કના અધીકૃત વ્યક્તિએ બેન્ક વતી હાલની આ અરજી કરેલ છે અને તેના સમર્થનમાં સોગંદનામું કરેલ છે. તેમણે આ સોગંદનામામાં જણાવેલ છે કે, અરજદાર ફાયનાન્સ કંપની/બેન્કે સામાવાળાને રૂ. ૨૨,૦૫,૦૦૭/– નુ ધિરાણ કરેલું અને તા.૧૯–૦૨–૨૦૨૬ ની સ્થીતીએ કુલ રૂ.૨૦,૫૦,૬૦૬/– નું કાયદેસરનું લેણુ બાકી છે તેમજ આ અરજી સમયમર્યાદામાં દાખલ કરેલી છે અને ઉપરોક્ત મિલકત ઉપર સિક્યોરીટી

ઈન્ટરેસ્ટ ધરાવે છે તેમજ ધિરાણ લેનાર ધિરાણની રકમ વસુલ આપવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમનુ લોન ખાતુ એન.પી.એ. થયેલ છે અને તેઓને કલમ ૧૩(૨) અન્વયે નોટીસ આપેલી છે જે નોટીસનો તેઓએ કોઈ જવાબ આપેલો નથી કે કોઈ ધિરાણની રકમનું ચુકવણી કરેલ નથી અને સરફેસી એકટની જોગવાઈ તેમજ નિયમોનું પાલન કરેલ છે.

૪).. અરજીનું રેકર્ડ જોતાં અરજદારે અરજીના સમર્થન નિશાની ૩/૨ થી સામાવાળાને આપેલ સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ–૨૦૦૨ ની કલમ–૧૩(૨) અન્વયેની નોટીસની નકલ રજુ કરેલ છે. તેમજ સામાવાળાને નોટીસ મોકલ્યા અંગેની ઓનલાઈન ટ્રેકીંગ સ્લીપની નકલ રજુ રાખેલ છે નિશાની ૩/૨ વાળી નોટીસ જોતાં આ નોટીસ તા.૨૭–૦૨–૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ છે અને બાકી લેણાની રકમ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવા સામાવાળાને જણાવેલ છે. આમ, અરજદારે કાયદાની જોગવાઈ મુજબ નોટીસ આપી બાકી લેણી રકમ ભરપાઈ કરવા સામાવાળાને નિયત સમય આપેલ છે.

૫).. આમ, અરજદારે અરજીના સમર્થનમાં સોગંદનામું કરી તથા સામાવાળાને કાયદાની જોગવાઈ મુજબ નોટીસ આપી અને કાયદાએ નિયત કરેલ સમયમાં બાકી લેણું ભરપાઈ કરવા સામાવાળાને તક આપેલ હોય અરજદારે આ અરજી માટે જરૂરી જોગવાઈઓનું પાલન કરેલ છે. જેથી અરજદારને અરજીમાં જણાવેલ મીલકતનો કબજો લેવા અદાલતની મદદ મેળવવા હક્કદાર હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**।। આખરી હુકમ ।।**

(૧) અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ–૨૦૦૨ ની કલમ–૧૪ (૧–એ) અન્વયે કોર્ટ કમિશ્નર તરીકે કાર્યવાહી કરવા માટે **શ્રી જે.આર.સુતરીયા, આસીસ્ટન્ટ, પ્રિન્સીપાલ સિની. સીવિલ કોર્ટ, મહેસાણા**ને અધિકૃત કરવામાં આવે છે.

(૩) બેંકના અધિકૃત વ્યક્તિએ કોર્ટ કમિશ્નરશ્રી સાથે સંપર્ક કરી કબજો લેવાની કાર્યવાહી દરમિયાન હાજર રહેવું.

(૪) કોર્ટ કમિશ્નરશ્રીએ નીચે જણાવેલી મિલકતનો કબજો લઇ અરજદાર બેંકને કબજો સોંપી આપવો.

**મિલકતનું વર્ણનઃ–**

All that piece and parcel of property bearing district Sub district Mehsana Moje Gam Nagalpur New Revenue Survey/ Block No 29 ( O.S. no 12/2 Paiki) As Per Bala Heights Scheme Block No A Flat No A/601 Sixth Floor Super Built up Area 103.49 Sq.Mters .

જેના ખુંટ વર્ણન નીચે મુજબ છે.

| | |
|---|---|
| **East:-** | Open to Sky is Located On Mukki Road |
| **West:-** | T.P.Road is Located on Bahucharavatika |
| **North:-** | Open to Sky Asphalt Road |
| **South:-** | The wall of Flat No. 602 is shared and then the Entrance of Flat No. 603 is located. |

(૫) જો ઉપરોક્ત મિલકત બંધ હાલતમાં જણાય તો કોર્ટ કમિશ્નર તે મિલકતનું તાળું ખોલી/તોડીને અથવા અન્ય કોઇ પણ રીતે મિલકતનો કબજો લઇ શકશે.

(૬) ઉપરોક્ત મિલકતનો કબજો લીધા બાદ જો ઉપરોક્ત મિલકતમાં કોઇ માલ સામાન અથવા કોઇ દસ્તાવેજો જણાઇ આવે તો તેની કોર્ટ કમિશ્નરશ્રીએ યાદી (બે નકલમાં) તૈયાર કરવી અને તેની એક અસલ પ્રત અરજદારને આપવી અને બીજી પ્રત અદાલતના રેકર્ડમાં રજુ રાખવી.

(૭) ઉપરોક્ત મિલકત જે પોલીસ સ્ટેશનની હદમાં આવતી હોય તે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી/પોલીસ ઇન્સ્પેક્ટરે મિલકતનો કબજો લેતાં સમયે કોર્ટ કમિશ્નરશ્રીને પોલીસની મદદ/રક્ષણ આપવું. અરજદાર બેંકે પોલીસ રક્ષણ મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવી અને તેનો ખર્ચ ભોગવવો. કોર્ટ કમિશ્નરશ્રી

તેમના વાજબી મત મુજબ જરૂરી પગલા ભરી શકશે અને જરૂરી બળપ્રયોગ કરી શકશે. હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને યાદી કરવી.

(૮) ઉપરોક્ત મિલકતનો કબજો લેવા માટે થનાર તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે અને મિલકતનો કબજો લેવા માટે કમિશ્નરશ્રીને જે કાયેદસર મદદની જરૂર હોય તે પુરી પાડવી.

(૯) કમિશ્નરશ્રીના મહેનતાણા પેટે હાલના તબક્કે રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) અત્રેની કચેરીના ક્રિમીનલ " **સી** " ના અનુ. નં.**૭૨** ઉપર તા. **૨૭-૦૭-૨૦૨૬** થી જમા આવેલ છે. સદર કોર્ટ કમિશ્નરશ્રીએ કોર્ટ કમિશ્નર પત્ર મળ્યાના ૯૦ (નેવું) દિવસમાં મિલકતનો કબજો લેવાની કાર્યવાહી પૂર્ણ કરવી અને તેનો અદાલતમાં રીપોર્ટ કરવો.

(૧૦)કોર્ટ કમિશ્નરશ્રીએ આ કાર્યવાહી જાહેર રજાના દિવસે અથવા કોર્ટના કામકાજના સમય સિવાયના સમયમાં કરવી.

હુકમ આજ તારીખ -૧૯, માહે -ઓગષ્ટ, સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૯-૦૮-૨૦૨૬
સ્થળઃ મહેસાણા

**(( સૌરભ બીપીનચંદ્ર શાહ ))**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મહેસાણા.
UIC No.GJ00946